GANDHINAGAR

ગાંધીનગર અને ભાવનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક

RNI NO. GUJ GUJ/2009/36828

લોક સંસાર

www.loksansar.in

LOK SANSAR

L2/RNP/G.GNR-309-LOKSANSAR/2014 contact@loksansar.in

૭૨ ● શનિવાર ● તા.૨૪-૦૫-૨૦૧૪ ● કિંમત રૂા.૨.૦૦, પાના : ૮ ● મુદ્રણ સ્થાન : લોક સંસાર પ્રકાશન,૩૫૬, વાઈબ્રન્ટ, ઈન. પાર્ક, મોતી તળાવ, ભાવનગર ખાતે છાપી ● પ્રકાશન સ્થળ : ૫૦૪, અખબાર ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરથી પ્રસિદ્ધ કર્યું, ફોન (ઓ)૨

# ધોરણ-૧૨ પછી મેનેજમેન્ટ ક્ષેત્રે કારકિર્દી ઘડતરની અઢળક તકો

ગાંધીનગર,તા.૨૩

સમગ્ર રાજ્ય ધો.૧૨ની પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓ જ્યારે પરિણામની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે ત્યારે તેઓને ઉજ્જવળ કારકિર્દીના શ્રેષ્ઠ ઉપલબ્ધ વિકલ્પો વિષે માહિતી આપવાનો અમારો આ સાદર પ્રયત્ન છે.

સાંપ્રત સમયમાં વૈશ્વિક સ્તરે ખાનગી તેમજ સરકારી ક્ષેત્રોમાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓની મોટા પ્રમાણમાં માંગ ઉભી થઈ રહી છે અને આ માટે મેનેમેજમેન્ટનાં અભ્યાસક્રમની લાયકાત અને કુશળતા ધરાવતા વધુમાં વધુ સ્નાતકો તૈયાર થાય એ માત્ર આજનાં સમયની માંગ જ નહિં, પરંતુ આપણી નૈતિક ફરજ છે. બીબીએના અભ્યાસક્રમમાં મેનેજમેન્ટ ક્ષેત્રના તમામ પાસાઓને આવરી લેવામાં આવે છે.

સહકારી ક્ષેત્ર, બેકિંગ ક્ષેત્ર, વિમા, ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રથી લઈને વાહનવ્યવહાર તેમજ આયાત નિકાસનાં સરકારી તેમજ ખાનગી એકમોમાં મેનેજમેન્ટ અભ્યાક્રમના વિદ્યાર્થીઓને પહેલી પસંદગી આપવાની પ્રણાલી બની ગઈ છે. આ માટે વિદ્યાર્થીઓ જાગૃત થાય અને બીબીએ જેવા કોર્સમાં રસ લઈ તેની માહિતી એકત્રીત કરી પોતે કારકિર્દી ઘડતરમાં તેનો ઉપયોગ કરે તે અતિ આવશ્યક બન્યું છે.

માર્કેટીંગ, હ્યુમન રિસોર્સ તેમજ ફાઈનાન્સ ક્ષેત્રમાં ઉભા થયેલા આકર્ષણનું મુખ્ય કારણ એ છે કે રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક ફલક પર મેનેજમેન્ટ ક્ષેત્ર ખુબ જ ઝડપથી વિકસી રહ્યું છે. બીબીએ જેવા, પાયાથી મેનેજમેન્ટ ક્ષેત્રનું બહોળુ જ્ઞાન આપતા કોર્સીસને લીધે વ્યાવસાયીક તેમજ ધંધાકીય ક્ષેત્રે તેઓ માટે અનેક તકો ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત બીબીએ પછી ઉચ્ચ અભ્યાસની તકો પણ પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. સીએ, સીએસ, સીએફએ તથા આઈસીડબલ્યુએ જેવા પ્રોફેશનલ કોર્સનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે બીબીએની સાથે સાથે જ આ બધા કોર્સિસ કરવા વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દીના શ્રેષ્ઠ વિકલ્પો સાબિત થઈ રહ્યાં છે.

વ્યાવસાયિક કૌશલ્ય તેમજ સંચાલનમાં કુશળતા એ આજના યુગની ઉભરતી જરૂરીયાત છે. સાંપ્રત સમયમાં જ્યારે રાજકિય ક્ષેત્રે સુશાસન અને વહિવટી પાસાઓને લઈને રાજકિય ધુરંધરોએ અનેકગણી સિદ્ધિઓ પ્રસ્થાપિત કરી છે તે ફક્ત અને ફક્ત તેઓમાં રહેલ સંચાલકિય કુશળતાને આભારી છે.

વ્યક્તિ વિકાસ એ વ્યક્તિએ પોતાની રોજીંદી પ્રવૃત્તિઓનું શિસ્તબધ્ધ આયોજન અને સંચાલન છે. બીબીઓને અભ્યાસ વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર અને મુલ્યોની સભાનતા, કટીબધ્ધ નિર્ણય શક્તિ, અખૂટ આત્મવિશ્વાસ અને દ્રઢ નિશ્ચય કેળવવાની કળા જેવા અનેક ગુણોનો વિકાસ કરે છે.

Printer, Publisher and Owner, MUNTZIR J.SIDATAR and printed at Lok Sansar Prakashan